પેટલાદમાં દલા તલવાડીની નીતિ 'વાડી રે બાઈ વાડી, રીંગણાં લઉં બે-ચાર? લે ને દસ-બાર!' | નગરપાલિકા બાદ પંચાયત પેટા વિભાગની જમીનનો વારો

પેટલાદમાં જમીનની લ્હાણી : 6 કેબીનની જગ્યાએ પાકી દુકાન અપાશે

કાચા દબાણો વાળાને માલામાલ અને લારી ગલ્લા હટાવાય છે

કેબીન ધારકો દુકાનદાર અને લારી ગલ્લા વાળા બેરોજગાર બન્યાં

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.17

પેટલાદમાં પાલિકા પ્રમુખ દ્વારા સરકારી જમીનોની લ્હાણી કરવાનો સિલસિલો યથાવત્ રીતે ચાલી રહ્યો છે. વર્તમાન સત્તાધિશો દ્વારા રેલ્વે થી એસટી સુધી, પોલીસ લાઈન બહાર અને હવે પંચાયત પેટા વિભાગની જમીન ઉપર કેબીન ધારકોને પાકી દુકાનો આપવાની ગતિવિધી શરૂ થઈ છે. શહેરના સ્ટેશન રોડ જેવા મુખ્ય રાજમાર્ગ ઉપર આવેલ કાચા લાકડાના કેબીનોના દબાણો દૂર કરવાને બદલે સરકારની જમીન ઉપર તદ્દન મફત લ્હાણી કરવામાં આવી રહી છે. બીજી તરફ સરદાર ચોકથી ટાઉન હોલ, રણછોડજી મંદિર થઈ કોલેજ ચોકડી સુધીના મુખ્ય રાજમાર્ગ ઉપરથી લારીઓના દબાણ સદંતર દૂર કરવામાં આવી રહ્યા છે. વર્તમાન સત્તાધિશોની આ બેધારી નિતીને કારણે કેબીન ધારકો પાકી દુકાનવાળા અને લારી ગલ્લા વાળા બેરોજગાર બની રહ્યા છે.

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કાચા પાકા દબાણો દૂર કરી રસ્તા પહોળા કરવાની કામગીરી ચાલી રહી છે. જેના ભાગ રૂપે પાલિકા દ્વારા સૌપ્રથમ રેલ્વે સ્ટેશનથી એસટી સ્ટેન્ડ સુધીના કાચા કેબીનો દૂર કરવામાં આવ્યા હતા. પરંતુ તે દબાણો દૂર કરી કેબીન ધારકોને સરકારી જમીન ફાળવી પાકી દુકાનો બનાવવા મંજુરી પાલિકાએ આપી હતી. પરંતુ આ જગ્યા પાલિકા, આરએન્ડબી કે રેલ્વેની છે તે આજદીન સુધી નક્કી થઈ શક્યું નથી. જેને કારણે આ 66 દુકાનોના ભાડાનો ઠરાવ પાલિકા પ્રમુખ બે વર્ષથી કરી શક્યા નથી. આ પ્રશ્નનું નિરાકરણ થયું નથી, ત્યાં તો પાલિકા પ્રમુખે પોલીસ લાઈન બહારના 36 કેબીન ધારકોને ધારાસભ્ય થકી પોલીસ આવાસ નિગમની જમીન ફાળવાઈ પાકી દુકાનોનું બાંધકામ હાલ ચાલી રહ્યું છે. આ ૩૬ પૈકી મોટા ભાગના નિર્વાસીતો ગાયબ છે અને ખોટા કેબીન ધારકો પાકી દુકાનના માલિક બની રહ્યા છે. છતાં પાલિકા કે સરકારી તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી. તો હવે રેલ્વે સ્ટેશન નજીક આવેલ પંચાયત પેટા વિભાગની બહારના ૬ જેટલા કેબીન ધારકોને પાકી દુકાનો આપવા જમીન ફાળવવા ગતિવિધી શરૂ થઈ છે. મળતી માહિતી મુજબ પેટલાદ પાલિકા પ્રમુખે આ વિભાગની જીલ્લા કચેરીને લેખિત જાણ કરી જમીન ફાળવવા જણાવ્યું છે.

પાલિકાના વર્તમાન પ્રમુખના આ ચુંટણી લક્ષી નિર્ણયો હોવાનું રાજકીય પંડીતો માની રહ્યા છે. પરંતુ આ રઘવાયા નિતી અને ઉતાવળા નિર્ણયોથી કાચા કેબીન ધારકો પાકી દુકાનવાળા બની રહ્યા છે, જ્યારે ખાણી - પીણી, શાકભાજી - ફ્રુટ વગેરે લારી વાળાઓ બેરોજગાર બની રહ્યા છે. કારણકે શહેરના મુખ્ય રાજમાર્ગ પૈકી સરદાર ચોકથી એસટી સ્ટેન્ડ સુધીના કેબીન ધારકો માલામાલ થઈ રહ્યા છે, જ્યારે સરદાર ચોકથી ટાઉનહોલ, રણછોડજી મંદિર થઈ કોલેજ ચોકડી સુધીના લારી ગલ્લા વાળાની રોજગારી છીનવાઈ રહી છે. આ તમામ પ્રકરણ પાછળ પ્રમુખ અને ચીફ ઓફીસર દ્વારા વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે. છતાં ભાજપના સ્થાનિક નેતાઓ, જીલ્લા મોવડી મંડળ, લાગતા વળગતા સરકારી તંત્ર દ્વારા ભેદી મૌન સેવાઈ રહ્યું હોવાની વાત ચર્ચાસ્પદ બનવા પામી છે.

જમીન ફાળવાઇ નથી, પરંતુ કેબીનો ઉતરવા માંડ્યા

રેલ્વેથી એસટી, પોલીસ લાઈન પછી હવે પંચાયત પેટા વિભાગની જમીનનો વારો આવ્યો છે. જેના માટે પાલિકા પ્રમુખે જીલ્લા કક્ષાએ રજુઆત કરવા ઉપરાંત સ્થાનિક કચેરી સાથે પણ વાટાઘાટો કરી છે. આ પાલિકા પ્રમુખે કેબીન ધારકો સાથે વાતચીત કરી દબાણો દૂર કરવા સૂચના પણ આપી દિધી છે. જેના અનુસંધાનમાં એક - બે કેબીનો જે તે ઈસમોએ સ્વૈચ્છિક ઉતારી લીધા હોવાનું જોવા મળે છે. આ અંગે પેટલાદ પંચાયત પેટા વિભાગના એન્જિનીયરે જણાવ્યું હતું કે, જમીન માટે નગર પાલિકાએ લેખિત રજુઆત જીલ્લા કચેરીને કરી છે. પરંતુ હજી સુધી પાકી દુકાનો માટે જમીન ફાળવણી સંબંધિત કોઈ નિર્ણય લેવાયો નથી.

કપડવંજ : કિન્નર સંપ્રદાયનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

દેશભરમાંથી 500થી વધુ કિન્નરો ઉમટી પડશે, 20મીએ શાનદાર શોભાયાત્રા

(પ્રતિનિધિ) કપડવંજ તા.17

કપડવંજમાં સનાતન ધર્મ કિન્નર સંપ્રદાય દાદા ગંગારામ કિન્નર સમાજ દ્વારા ભવ્ય સંમેલન અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. 28મી ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાસંમેલન અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેમાં આગામી 20 ફેબ્રુઆરીએ શહેરમાં એક વિશાળ શોભાયાત્રા નીકળશે.

કપડવંજમાં ધાર્મિક કાર્યક્રમોની વણઝાર મહોત્સવના ભાગરૂપે 19મી ફેબ્રુઆરીના રોજ યજ્ઞ, મહા આરતી, ધાન્યા દિવસ અને આનંદના ગરબા જેવા ધાર્મિક પ્રસંગો ઉજવાશે. ત્યારબાદ 20મી ફેબ્રુઆરીએ સવારે 8 કલાકે મોટા હનુમાનજી મંદિરથી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થશે. આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો જેવા કે ગાંધી બાવલા, મીના બજાર, કુબેરજી ચોકડી અને ટાઉન હોલ થઈને રત્નાકર માતા રોડ પર આવેલા કિન્નરોના અખાડા ખાતે પૂર્ણ થશે.

આ શોભાયાત્રામાં 15 થી 20 બગીઓ, બેન્ડવાજા અને ડી.જે. સાઉન્ડ સાથે ગુજરાત સહિત દેશભરમાંથી 500 થી વધુ કિન્નરો જોડાશે. આ ઉપરાંત, સાધુ-સંતો અને રાજકીય અગ્રણીઓ પણ આ પ્રસંગે ખાસ હાજરી આપશે. મહોત્સવ દરમિયાન પ્રાણ પ્રતિષ્ઠાનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

હાલમાં કિન્નરોના મઠ ખાતે દરરોજ રાત્રે ગરબા અને ભજન-કીર્તન યોજાઈ રહ્યા છે, જેમાં સ્થાનિક નાગરિકો પણ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે પોલીસ જવાનોની સાથે ખાનગી કંપનીના બાઉન્સરો પણ ખડેપગે સુરક્ષાની જવાબદારી સંભાળી રહ્યા છે.

આણંદના બંસીધર ફ્લેટના ઇલેક્ટ્રિક મીટરોમાં ભીષણ આગ

આણંદના જૂની સિવિલ કોર્ટ પાસે આવેલા બંસીધર ફ્લેટમાં મંગળવાર વહેલી સવારે 3-30 કલાકે ઇલેક્ટ્રિક મીટરોમાં શોર્ટ સર્કિટ થતા અચાનક આગ ફાટી નીકળી હતી. આ ઘટનાની જાણ થતા જ કરમસદ આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કંટ્રોલરૂમ દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટર સાથે ડ્રાઈવર હર્ષિલ પટેલ તથા ફાયરમેન મહેન્દ્રસિંહ રાઠોડ, મુકેશ પરમાર અને યુવરાજસિંહ રાઠોડે ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

વીરપુરમાં જમીન બાબતે ઘર છોડી જતાં રહેલાં આધેડનો પત્તો લાગ્યો

નવું સીમકાર્ડ ખરીદતાં જ પોલીસે લોકેશન મેળવી લુણાવાડાથી શોધી કાઢ્યાં

(પ્રતિનિધિ) વીરપુર તા.17

મહીસાગર જિલ્લામાં ગુમ થયેલી વ્યક્તિઓને શોધવા માટે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી ખાસ ડ્રાઈવ અંતર્ગત વીરપુર પોલીસને મોટી સફળતા મળી છે. ગત 12મી ફેબ્રુઆરીના રોજ ગુમ થયેલ 58 વર્ષીય પ્રૌઢને પોલીસે ટેકનિકલ સોર્સના આધારે ગણતરીના દિવસોમાં શોધી કાઢી તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું છે. પરિવારમાં ચાલતી જમીનની માથાકૂટને લઈ આધેડે ઘર છોડ્યું હતું. જોકે, તેઓએ નવું સીમકાર્ડ ખરીદ્યું હતું. જેના આધારે પોલીસે લોકેશન મેળવી તેમના સુધી પહોંચી હતી.

મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન તથા અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગુમ થયેલ કે અપહરણ થયેલ બાળકો અને વ્યક્તિઓને શોધવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ડ્રાઈવ દરમિયાન વીરપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ગુમ જાણવા જોગ મુજબ, વીરપુરની શ્રીજી સોસાયટીમાં રહેતા સ્વરૂપસિંહ વેચાતસિંહ પરમાર (ઉં.વ. 58) ગુમ થયા હોવાની 12મીએ ફરિયાદ નોંધાઈ હતી.

વીરપુર પોલીસ ઈન્સ્પેક્ટર પી.આર. કરેણ અને તેમની ટીમ દ્વારા આ મામલે ટેકનિકલ સોર્સની મદદથી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અંગે પોલીસ ઈન્સ્પેક્ટર પી.આર. કરેણ જણાવ્યું હતું કે, પરિવારમાં જમીન બાબતે ચાલતા વિવાદને લઈ સ્વરૂપસિંહ ઘર છોડી જતાં રહ્યાં હતાં. તેઓ ગોધરા ગયાં હતાં. બાદમાં તેઓએ નવુ સીમકાર્ડ ખરીદ્યું હતું. આ સીમકાર્ડના લોકેશન આધારે લુણાવાડાથી તેમનો પત્તો લાગ્યો હતો આમ, ગુમ થનારા સ્વરૂપસિંહ પરમાર લુણાવાડા ખાતેથી મળી આવ્યા હતા. પોલીસે તેમને શોધી કાઢી તેમના પરિવાર સાથે મિલન કરાવી માનવીય અભિગમ દાખવ્યો હતો.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

સરદાર પટેલ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા હરિદ્વાર-ઋષિકેશનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક સંસ્કૃત વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે સાત દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ પ્રોફે. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ પ્રવાસમાં એમએ અને પીએચડીના 39 વિદ્યાર્થીએ ગંગા આરતી, શાંતિકુંજ અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ સાંસ્કૃતિક વારસાનો પરિચય મેળવ્યો હતો. વિભાગના કાર્યકારી અધ્યક્ષ પ્રોફે. મહેન્દ્ર નાયીના માર્ગદર્શનમાં ડો. પ્રિયંક રાવલ અને દેવાંશી ભિન્ડેએ પ્રવાસનું સફળ સંચાલન કર્યું હતું.

મોબિલાઈઝ એપ લેબ લિમિટેડનો આઈપીઓ 23મી ફેબ્રુઆરી, 2026થી ખુલશે

વડોદરા | ક્લાઉડ આધારિત SaaS સોફ્ટવેર સોલ્યુશન્સ પૂરી પાડતી મોબિલાઈઝ એપ લેબ લિમિટેડ 23 ફેબ્રુઆરી, 2026ના રોજ પોતાનો IPO લાવશે. કંપની આ પબ્લિક ઈશ્યુ દ્વારા અપર પ્રાઇઝ બેન્ડ મુજબ કુલ 20.09 કરોડ એકત્રિત કરવાનું લક્ષ્ય ધરાવે છે. આ શેર એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ માટે 75 થી 80ની પ્રાઇઝ બેન્ડમાં ઉપલબ્ધ થશે. આઈપીઓમાં 10ના અંકિત મૂલ્યના કુલ 25,12,000 ઇક્વિટી શેર બહાર પાડવામાં આવશે. રોકાણકારો માટે લોટ સાઇઝ 1,600 શેરનો રહેશે અને ન્યૂનતમ 3,200 શેર માટે અરજી કરી શકાશે. એન્કર પોર્શન 20 ફેબ્રુઆરીએ ખુલશે, જ્યારે આઈપીઓ સબસ્ક્રિપ્શન માટે 25 ફેબ્રુઆરીએ બંધ થશે. ઈશ્યુમાંથી મળતી રકમનો ઉપયોગ નવી ટેલેન્ટની ભરતી, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને માર્કેટિંગ માટે કરાશે. કંપની આ ભંડોળ દ્વારા પોતાના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા અને કોર્પોરેટ હેતુઓ સિદ્ધ કરવા માંગે છે. એમડી આશિષ શર્માના જણાવ્યા મુજબ, આ આઈપીઓ કંપનીની વૃદ્ધિ યાત્રા માટે એક મહત્વપૂર્ણ પડાવ છે. આ મૂડી કંપનીને વધુ સ્કેલેબલ અને મજબૂત મલ્ટી-સોલ્યુશન SaaS પ્લેટફોર્મ બનાવવામાં સહાય કરશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજ ડેપોનો નવો અભિગમ, એસટી કંડક્ટરો હવે મુસાફરોના 'સારથી' બનશે

કપડવંજ | કપડવંજ એસટી ડેપો ખાતે આયોજિત 'ઓપન હાઉસ' મીટિંગમાં મુસાફરોની સુવિધા, સલામતી અને બસની સ્વચ્છતા જાળવવા અંગે કર્મચારીઓને ખાસ માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી. કંડક્ટરો હવે માત્ર ટિકિટ આપવા પૂરતું જ નહીં, પરંતુ વૃદ્ધો, દિવ્યાંગો અને મહિલાઓને સામાન ચઢાવવા-ઉતારવામાં મદદ કરી સાચા અર્થમાં 'સારથી' તરીકેની ભૂમિકા ભજવશે. મુસાફરો સાથે યોગ્ય વર્તન કરવા, વિદ્યાર્થીઓને સ્ટેન્ડ પરથી લેવા અને ફરજ દરમિયાન ફરજિયાત યુનિફોર્મ સાથે ડ્રાઇવિંગ સમયે મોબાઈલનો ઉપયોગ ટાળવા કડક તાકીદ કરાઈ છે. ડેપો મેનેજર એન.એમ. કલ્યાણીના જણાવ્યા મુજબ, આ નવા અભિગમનો મુખ્ય ધ્યેય એસટી મુસાફરોની મુસાફરીને વધુ સહાયક, સુખદ અને યાદગાર બનાવવાનો છે.

કપડવંજ વિદ્યાર્થી-વાલી મંડળના પ્રમુખ તરીકે મનુભાઈ પટેલની નિમણૂક

કપડવંજ | કપડવંજમાં ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓના વાલીઓ દ્વારા વિદ્યાર્થીઓના હિતાર્થે મનુભાઈ રામાભાઈ પટેલની પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ મંડળ શાળા સંચાલકો દ્વારા લેવાતી ગેરકાયદેસર ફી, ડોનેશન અને એડમિશન પ્રક્રિયામાં થતા અન્યાય સામે મજબૂત ન્યાયિક લડત આપશે. વિદ્યાર્થીઓની સુરક્ષા માટે આર.ટી.ઈ. નિયમ વિરુદ્ધના વાહનો અને શાળા સમય દરમિયાન ટ્રાફિકની સમસ્યાઓના નિરાકરણ માટે પણ કાર્યવાહી કરવામાં આવશે. અસામાજિક તત્વો દ્વારા થતી કનડગત રોકવા અને બાળકોના શૈક્ષણિક અધિકારોના રક્ષણ માટે સક્ષમ નેતૃત્વ મળતા વાલીઓમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

વલ્લભ વિદ્યાનગરમાં બીએપીએસ છાત્રાલયના ષષ્ટીપૂર્તિ નિમિત્તે 'સત્સંગ દીક્ષા મહાયાગ' યોજાયો

આણંદ | વલ્લભ વિદ્યાનગર ખાતે બીએપીએસ સ્વામિનારાયણ છાત્રાલયના 60 વર્ષ પૂર્ણ થતા 'ષષ્ટીપૂર્તિ મહોત્સવ' અંતર્ગત ભવ્ય 'સત્સંગ દીક્ષા મહાયાગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરમ પૂજ્ય ડોક્ટર સ્વામી સહિતના વરિષ્ઠ સંતોની પાવન નિશ્રામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સેવકો અને હરિભક્તોએ જોડાઈને દિવ્ય વાતાવરણ સર્જ્યું હતું. મહાયાગના પાવન અવસર બાદ છાત્રાલયમાંથી તૈયાર થયેલા અને સંસ્થાની વિવિધ પાંખોમાં સેવા આપતા કાર્યકરોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સાધુજીવન સ્વામી, પૂજ્ય યજ્ઞપ્રિય સ્વામી અને પૂજ્ય ભાગવતચરણ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

નડિયાદના સંત રામેશ્વર મહાદેવ મંદિરે 190 ભક્તોએ મહાશિવરાત્રીની સામૂહિક પૂજા કરી

નડિયાદ | ખેડા જિલ્લાના સંતરામ મંદિર સંલગ્ન ઐતિહાસિક સંત રામેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ એ જ પવિત્ર સ્થાન છે જ્યાં બ્રહ્મલીન સંતરામ મહારાજે પાણી વગરના કૂવામાંથી પાણી પ્રગટાવી સ્નાન કર્યું હોવાનો મહિમા જોડાયેલો છે. મહંત રામદાસજી મહારાજની આજ્ઞાથી રાત્રિના તમામ પ્રહરોમાં 190થી વધુ ભક્તોએ સામૂહિક પૂજા કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે સંત શિવરામદાસજી સહિત ચકલાસી અને કરમસદ મંદિરના સંતોની પાવન નિશ્રામાં ભક્તોએ શિવ આરાધના કરી હતી.

આણંદમાં લગ્નગીત હરિફાઇ યોજાઇ, સંસ્કાર મંડળે દ્વિતિય ક્રમ મેળવ્યો

આણંદ | આણંદમાં લગ્નગીત હરીફાઈમાં સંસ્કાર મંડળે દ્વિતીય ક્રમ મેળવી ગૌરવ વધાર્યું છે. આણંદના 'જાગૃતિ મહિલા સંગઠન' દ્વારા આયોજિત ભવ્ય લગ્નગીત હરીફાઈમાં શહેરના 12 મંડળોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સંસ્કાર મંડળની બહેનોએ પોતાની શ્રેષ્ઠ રજૂઆત દ્વારા નિર્ણાયકોના દિલ જીતી લીધા હતા. આ સમગ્ર સ્પર્ધામાં બીજો નંબર પ્રાપ્ત કરી મંડળની બહેનોએ સંસ્થા અને શહેરનું ગૌરવ વધાર્યું છે.

એવીજી લોજિસ્ટિક્સે ના.વ.26ના 9 મહિનામાં 402 કરોડની આવક નોંધાવી

વડોદરાઃ અગ્રણી મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રદાતા એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડ (BSE - 543910 | NSE - AVG) એ નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિક અને 9 મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ મજબૂત કાર્યકારી શિસ્ત અને સતત અમલીકરણના આધારે સ્થિર નાણાકીય પ્રદર્શન નોંધાવ્યું છે. ના.વ.26ના ત્રીજા ત્રિમાસિકમાં કંપનીની કામગીરીમાંથી આવક 134.08 કરોડ રહી. આ અવધિ દરમિયાન EBITDA 27.20 કરોડ નોંધાયો અને EBITDA માર્જિન 20.29% રહ્યો. ચોખ્ખો નફો (PAT) 5.40 કરોડ રહ્યો, જ્યારે PAT માર્જિન 4.03% નોંધાયો. નાણાકીય વર્ષ 26ના 9 મહિનામાં કંપનીએ કામગીરીમાંથી કુલ 402.13 કરોડની આવક મેળવી છે. આ ગાળામાં EBITDA 77.73 કરોડ રહ્યો અને EBITDA માર્જિન 19.33% નોંધાયો. જ્યારે ચોખ્ખો નફો 15.46 કરોડ અને PAT માર્જિન 3.84% રહ્યો. પરિણામો અંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી સંજય ગુપ્તાએ જણાવ્યું કે સતત માંગ, ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ મોડેલની મજબૂતી અને કાર્યકારી ક્ષમતાઓના કારણે કંપનીએ સ્થિર વૃદ્ધિ નોંધાવી છે. તેમણે ઉમેર્યું કે આગામી સમયમાં નેટવર્ક વિસ્તરણ, ટેકનોલોજી અપનાવટ અને વ્યૂહાત્મક ભાગીદારી પર ભાર મૂકી, લાંબા ગાળાના મૂલ્ય નિર્માણ તરફ કંપની આગળ વધી રહી છે.

લેહર ફૂટવેર્સ લિમિટેડે ના.વ.26ના 9 મહિનામાં શાનદાર વૃદ્ધિ નોંધાવી, સમગ્ર નાણાકીય વર્ષ 25ના પ્રદર્શનને પાર કર્યું

વડોદરા | અગ્રણી ફૂટવેર ઉત્પાદક લેહર ફૂટવેર્સ લિમિટેડે નાણાકીય વર્ષ 26ના મજબૂત પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ માત્ર 9 મહિનામાં જ નાણાકીય વર્ષ 25ના સમગ્ર પ્રદર્શનને પાછળ છોડી એક નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે. આ 9 મહિના દરમિયાન કંપનીની કુલ આવક ₹ 339.8 કરોડ રહી, જે વાર્ષિક ધોરણે 102.5 ટકાનો ઉછાળો દર્શાવે છે. આ કંપનીનો ચોખ્ખો નફો 187.9 ટકા વધીને ₹ 16.7 કરોડ પર પહોંચ્યો છે, જે કંપનીની મજબૂત વૃદ્ધિ દર્શાવે છે. ત્રીજા ત્રિમાસિક ગાળામાં કંપનીએ ₹ 57.1 કરોડની આવક અને ₹ 2.1 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પ્રીમિયમ ફૂટવેર અને નવી એક્સ્ક્લુઝર ફેસિલિટીના વિસ્તરણને કારણે ફૂટવેર સેગમેન્ટમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. કંપનીના દેવામાં ઘટાડો અને મજબૂત કેશ ફ્લો તેની સુદ્રઢ નાણાકીય સ્થિતિનું પ્રતિબિંબ પાડે છે. CRISIL દ્વારા કંપનીના ક્રેડિટ રેટિંગને અપગ્રેડ કરીને 'BBB/Stable' કરવામાં આવ્યું છે. લેહર ફૂટવેર્સ હાઈ ક્વોલિટી અને સ્ટાઈલિશ નોન-લેધર ફૂટવેર ક્ષેત્રે પ્રાદેશિક માસ-ફૂટવેર ઉત્પાદક તરીકે અગ્રેસર છે.

વિદ્યાનગરની આઈબી પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં 'હેલ્ધી ફૂડ, હેલ્ધી લાઈફસ્ટાઈલ' સેમિનાર યોજાયો

આણંદ | ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ) ખાતે ઇકો ક્લબ દ્વારા વિદ્યાર્થીઓ માટે 'હેલ્ધી ફૂડ, હેલ્ધી લાઈફસ્ટાઈલ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન રાજેશભાઈ ભટ્ટ અને આચાર્ય ભાવેશભાઈ ભટ્ટે 150થી વધુ વિદ્યાર્થીઓને જીવનમાં પૌષ્ટિક આહાર, વિટામિન્સ અને પ્રોટીનયુક્ત ખોરાકનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં 30 વિદ્યાર્થીઓએ વિવિધ આરોગ્યપ્રદ વાનગીઓ બનાવી ભાગ લીધો હતો. ઇકો ક્લબ ઇન્ચાર્જ ચેતન પ્રજાપતિ અને સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમના અંતે હેમાંગીનીબેન દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

ડાયટ સંતરામપુરની કૃતિ ઝોન કક્ષાએ પ્રથમ વિજેતા બની, રાજ્યકક્ષાએ પસંદગી પામી

સંતરામપુર | શિક્ષણ વિભાગ અને GCERT પ્રેરિત 11મા એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલમાં ડાયટ સંતરામપુરની કૃતિ ઝોન કક્ષાએ પ્રથમ વિજેતા બની હવે રાજ્ય કક્ષાએ પસંદગી પામી છે. સંસ્થાના આચાર્ય ડો. હર્ષદ આર. પટેલ અને પ્રોફેસર રાનીબેન પંચાલ દ્વારા રજૂ કરાયેલ 'પ્રશિક્ષણ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી'ના નવતર પ્રયોગે શૈક્ષણિક જગતનું ધ્યાન ખેંચ્યું છે. આ સફળ પ્રયોગ થકી અત્યાર સુધીમાં 97 તાલીમાર્થીઓ TET-TAT જેવી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયા છે અને 67 જેટલા યુવાનોએ શિક્ષક, પોલીસ તથા તલાટી જેવી વિવિધ સરકારી નોકરીઓ મેળવી છે.